# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ જૈન યુવતી મંડળ ○

○ લેખક ○

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# જૈન યુવતી મંડળ

યુવાન કરતાં યુવતી સંખ્યા લગભગ વધારે હોય છે. જો યુવતીઓનું મંડળ બને તો જૈનસંઘના અનેક કાર્યો તે ઉપાડી શકે. આજની યુવતીઓ ખૂબ હોંશિયાર છે. જો તેઓને કામ કરવાની દિશા મળે અને યોગ્ય માર્ગદર્શન મળે તો તેઓ ખૂબ ઝડપથી વ્યવસ્થિત કાર્ય કરી શકે. જેનાથી જૈનસંઘને ફાયદો થાય. આ વિષયોમાં કાંઇક દિશાસૂચન કરું છું. જો યુવતીઓનું Group દરેક સંઘમાં બનાવવામાં આવે તો ઘણા કાર્યો યુવતીઓ કરતી થઇ જાય. અહીં એક પછી એક કાર્યો જણાવાય છે.

**(૧) યુવતી શિબિરો :** જે આયોજનમાં યુવતીઓ હોંશે હોંશે જોડાય તેનું નામ છે શિબિર. જો સાધ્વીજી ભગવંતની રજૂઆત સુંદર હોય અને તેઓનું નામ વિશિષ્ટ થયેલ હોય તો નામથી જ ઘણી યુવતીઓ શિબિરમાં આવે. જ્ઞાન સાથે ગમ્મત કરાવતી આ શિબિરના વ્યાખ્યાનો દ્વારા તેના જીવનનું પરિવર્તન શરૂ થાય. પોતાને અનુકૂળ Friends મળવાથી બીજી-ત્રીજી-ચોથી શિબિરમાં હોંશે હોંશે જાય છે. એકવાર શિબિરમાં પ્રવેશ મળ્યો પછી પોતે શિબિરની ખબર પડતાં પોતાનું નામ તુરંત લખાવે છે. ઘણી યુવતીઓ શિબિર ક્યારે થશે તેની તપાસ કરતી રહે છે. તપોવન-નવસારી-અમદાવાદમાં આવી શિબિરો વખણાય છે. મને કોઇક પૂછે કે શેમાં વિશેષ રકમ વાપરવાની જરૂર છે તો મારે મતે બે સ્થાન છે એક સ્થાનિક પાઠશાળા અને બીજી શિબિરમાં તમારી રકમ વિશેષ વપરાય તેવું કરવું જોઇએ.

**(૨) Education :** Co-education ના નુકશાનો જગપ્રસિદ્ધ છે. જો શક્ય હોય તો Girls School માં ભણવું જોઇએ જેથી

Boys ના પ્રશ્નો તકલીફ ન આપે. જો School નું Setting ન જ થાય તો શક્ય હોય તો College હવે ઘરે બેસીને થાય છે. જો કે ધો. ૧૦ પછી ભણવાનું Necessary નથી છતાં ગ્રેજ્યુએટ થવું જ હોય તો ઘરે બેસીને થઇ શકાય છે. ઇન્દિરા ગાંધી Open University અથવા આંબેડકર યુનિવર્સીટી જેવા બીજા પણ અનેક વિકલ્પો હવે ઉપલબ્ધ છે. ભવિષ્યમાં home Schooling ઝડપથી આવી રહ્યું છે. School/College ના મકાનાદિના ખર્ચા બચાવાશે અને School/College ભણવાનું ગોઠવાશે. કોરોનામાં આવો અખતરો થઇ ગયો. Teacher ઓછાં જોઇએ. Standard Teacher દ્વારા અભ્યાસ થશે. અને Online Exam થશે જેથી Paperworks પણ ઓછું થઇ જશે. S.S.C. ભણ્યા બાદ જો કોઇક એક વિષયમાં તમારી માસ્ટરી આવી જાય તો દરેક લાઇનમાં સારી રકમ મળે તેમ છે. દિવસે દિવસે નવા નવા કેરિઅર બનાવવાના વિકલ્પો વધતા જાય છે.

**(3) Self - defence :** આજના કાળમાં બહેનોએ Self defence ખાસ શીખી લેવું જરૂરી લાગે છે. ગમે ત્યારે પુરુષ જાત તેના ઉપર હુમલો કરી શકે. Office માં કે કોલેજમાં સ્ત્રીઓ પોતે કોઇપણ તોફાનને પહોંચી વળે તેવી હોવી જોઇએ. નહિંતર તેનું શીલ જોખમમાં આવી શકે તેમ છે. Self defence ની અનેક રીતો શીખી લેવી જોઇએ. કારણ કે કેટલા-કેવી રીતે હુમલો કરશે તે ખબર ન પડે તેથી સાવધાન સદા રહેવું પડે અને તે માટે Self defence અત્યારના સમયમાં જરૂરી લાગે છે.

**(૪) લવ જેહાદ :** આજનો સળગતો પ્રશ્ન એટલે લવ જેહાદ. ઘણી

નાદાન યુવતીને થોડીક લાલચ આપીને પોતાના ધર્મ તરફ ખેંચે છે. ઘણા બધા દૃષ્ટાંતો જોવા મળ્યાં. જેમાં અનેક ધર્મિષ્ઠ અથવા સરળ યુવતીઓ નાની Gift માં ખેંચાઇ જાય છે. લગ્ન થયા બાદ તે યુવતીની હાલત નરકાગાર જેવી થાય છે. જૈન ધર્મી યુવતી વિધર્મીમાં જાય ત્યારે ઘણા સમાધાન કરવા પડે છે. અને ક્યાંક તો તે સ્ત્રીને Export પણ કરી દેવાય છે. જો પોતાની જિંદગી ભવિષ્યની ખરાબ ન કરવી હોય તો એક જ રસ્તો છે. વિધર્મીમાં ખેંચાવું નહિં. પોતાની Friends પણ એવી ન બનાવવી કે તમને વિધર્મી સાથે ઓળખાણ કરાવે. શરૂઆતનો મીઠો મીઠો સંબંધ ભવિષ્યમાં કડવો ઝેર બની જાય છે. આ વાતો સાંભળી હોવા છતાં પ્રેમના બહાના નીચે ખોટો રસ્તો પકડી લે છે.

(૫) **જુદી જુદી સ્પર્ધાઓ :** યુવતીઓનો interest જળવાઇ રહે તે માટે ૧૫ થી ૩૦ વર્ષની યુવતીઓનો Personal પ્રોગ્રામ ધાર્મિક પાઠશાળાના બહેનોના નેજા હેઠળ થવો જોઇએ. જેમાં શિસ્ત-સદાચાર સાથે અનેકવિધ સ્પર્ધા Once in Week/ Month રાખવી જોઇએ. જેની Leadership કાર્યકુશળ યુવતીને આપવી જોઇએ. સ્પર્ધાઓ દ્વારા બહેનોની શક્તિ ખીલે અને સાધ્વીજી મ.સા.ની પાસે આવતી થઇ જાય.

(૬) **રેસીપી ક્લાસિસ :** યુવતીઓ મોટી થાય છે પણ રસોઇ બનાવવા શીખવું પડે. ભૂલમાં અભક્ષ્ય વસ્તુ ન આવે તેની કાળજી કરવી પડે. હાલની items નવી નવી બની રહી છે તેમાં કઇ items માં શું વપરાય અને શું ન વપરાય તેના ક્લાસિસ દ્વારા બહેનોને તૈયાર કરવા પડે. જો બહેનો વ્યવસ્થિત તૈયાર થાય તો બીજા બહેનોને પણ તે શીખવાડી

શકે. તેથી રેસીપી ક્લાસ મહત્વના છે.

**(૭) Time Management :** દરેક વ્યક્તિનો સૌથી મહત્વનો મુદ્દો Time Management છે. જો યુવતી પોતાના life નું Planning બનાવે તો ઘણા કાર્ય તે સહજ કરી શકે. તે માટે પોતે time management course, Personality course, Positive Course ect. તૈયાર કરે અને સંઘની યુવતી તથા નાની બાલિકાને શીખવાડે તો ઘણું સુંદર પરિણામ આવશે.

**(૮) ટીની-મીની પાઠશાળા :** Play group ના બાળકોને વિવિધ Game રમાડી તૈયાર કરવા. નાના બાળકોને નાનપણમાં તૈયાર કરવામાં આવે તો પરિણામ કદાચ લાંબા સમય સુધી મળે. તેથી યુવતીઓએ નાના બાળકોના talent બહાર આવે તે માટે મહેનત કરવી જરૂરી છે. પોતે નાના બાળકોની જરૂરિયાત, Choice વગેરે સમજી શકે તેથી વધારે સારું પરિણામ મેળવી શકે.

**(૯) માતા-પિતા-દાદા-દાદી વગેરે વડીલો સાથે Behaviour :** વડિલો સાથેનો વ્યવહાર કેવો જોઇએ તેની સમજ યુવતી ગ્રુપમાં આપવી જોઇએ. પોતાના વિચારો Mummy-Pappa સાથે Share કેવી રીતે થાય તેની સમજ આપવી ખૂબ મહત્વની છે. ઘણીવાર યુવતી પોતાના Mom થી દૂર રહે છે અથવા સાથે રહેવા છતાં મનથી અલિપ્ત રહે છે. આત્મીયતાભાવ ન હોવાથી પોતાની વાતો વ્યવસ્થિત રજૂ કરી શકે નહિ. બીજાની સલાહ લેવા છતાં ક્યારેક ખોટી સલાહ મળી જાય અને આખુ ભવિષ્ય ખરાબ થઇ જાય. ખૂબ ખૂબ સાવધાન થઇ માતા-પિતાની સાથે આત્મીય ભાવ રાખવો જરૂરી છે.

**(૧૦) સારા કાર્યો અને સારી યુવતી સાથે રહેવું :** જીવનને વ્યવસ્થિત

કરવામાં મોટો ફાળો સારી Friends છે. જો ધર્મિષ્ઠ અને સંસ્કારી Friends મળે તો જીવનમાં દૂષણો ન આવે. સારી ધર્મિષ્ઠ યુવતી Friends બને તો સારા કાર્યોમાં તમને જોડી દે અને સારા કાર્યોમાં જોડાવવાથી તમારા વિચારો-વર્તનો ખૂબ સારા થાય છે. તેથી આ કાર્ય માટે સારી-સીધી-સંસ્કારી-સજ્જન યુવતી સાથે Friendship કરી અને અનેક સારી યુવતી સાથે group બનાવીને સારા સારા શાસનના કાર્યો ઉપાડવા જોઇએ.

**(૧૧) Side Income :** સંસારમાં રહ્યા હોય ત્યારે પૈસાની જરૂર પડે તે માટે શું કરવું. જો નાની ઉંમરમાં સર્વિસ કરે તો નુકશાન થવાના સંભવ છે. તેથી ૧-૨-૩ કળા શીખી લીધી હોય તો ઘર બેઠાં પણ કાર્ય થઇ શકે. Side Income સાથે જીવન પણ પવિત્ર રહે. જેમ કે ધાર્મિક ટ્યુશન કરાવવા, પુસ્તકોનું લખાણ કરી આપવું, પ્રૂફ ચેક કરવું, translation કરવું, DTP કરી આપવું, Jain Play group ચલાવવું, બહેનોને યોગાસન શીખવાડવા વગેરે...